જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૦૩૮/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૬ કેસ કરી, ૯૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪૨ લીટર દેશી દારૂ, ૬૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૨૭ બીયર ટીન, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ, ૩ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૯ આરોપીઓને ઝડપી રૂપિયા ૪૮,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૩૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૪૦/૧૭</u>**

**કૃષ્ણનગરઃ** મહેશકુમાર કલ્યાણભાઇ માંગરોલીયા (રહે. વિક્રમ આદિત્ય બજરંગ આશ્રમ સામે ઠક્કરનગર) એ તા.૮/૧૦/૧૭ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧/૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હિમતભાઇ ભીમજીભાઇ ખુંટ (રહે. દેવપ્રિય કોમ્પ્લેક્ષ નંબર-૨ આનંદનગર ક્રોસ રોડ પાસે સેટેલાઇટ) (૨) રાજુભાઇ દેવાની (૩) ભરતભાઇ ઠુમ્મર (રહે. ઠુમ્મર ઇંફ્રાટેક ૫/૮ સુરધારા કોમ્પ્લેક્સ નિકોલ ગામ) (૪) જનકભાઇ સોજિત્રા (રહે. જાનકી કટપીસ સેન્ટર ગોપાલ ચોક) એ ભેગા મળી કૃષ્ણનગર શ્યામ કોમ્પ્લેક્ષ બજરંગ આશ્રમ ખાતેથી **નંગ- ૨૦૦ ટોઇલેટના દરવાજા કિમત રૂપિયા ૧,૩૨,૦૦૦/- લઈ જઈ નાણા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ** પો.સ.ઇ.શ્રી એન.પી.મારૂ **ચલાવે છે.**

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૪૧/૧૭</u>**

**વટવાઃ** મયુરસિંહ નટવરસિંહ વાઘેલા (રહે.ગામ-ગોધાવી તા.સાણંદ જી-અમદાવાદ) એ તા.૭/૧૦/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૦/૧૭ કલાક ૧૨/૦૦ થી તા.૭/૧૦/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જેતલપુર ચોસર રોડ ખાતે આવેલ શ્રેયા ફાર્મના ગોડાઉનનુ તાળુ તોડી ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ગોડાઉનમાંથી એલ્યુમીનીયમના તપેલા નંગ-૩૨, પીતળના તપેલા નંગ-૨, પ્લાસ્ટીકની ખુરશી નંગ-૧૪૭ અને એલ્યુમીનીયમના મોટા તાસ નંગ-૨ મળી કુલ કિમત રૂપિયા ૫૭,૦૦૦/- મત્તાની ચોરી કરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી નારોલ ચોકી ઈન્ચાર્જ ચલાવે છે.

**સરદારનગર**: દિનેશ ગોપીચંદ નેચલાણી (રહે. રામેશ્વર ફ્લેટ છાવણી બંગ્લોઝની પાછળ ભોલેશ્વર અંદર એરપોર્ટ રોડ **સરદારનગર**) એ **સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૭** રાતના ૮/૩૦ વાગ્યાના **સુમારે નોબલનગર ખાતે પોતાની દુકાનમાંથી અજાણી વ્યક્તિ રિપેરીંગમાં આવેલ મોબાઈલ ફોન, ફોનની એસેસરીઝ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૭,૩૪૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ** નોબલનગર ચોકી ઇન્ચાર્જ **ચલાવે છે.**

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૪૨/૧૭**

**રામોલ**: સંગીતાબહેન વા/ઓ સુરેશભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે. દેવકીનંદન કોમ્પ્લેક્ષ બીજો માળ સુસેન સર્કલ પાસે મકરપુરા રોડ વડોદરા) તા.૮/૧૦/૧૭ બપોરના ૧/૩૦ થી કલાક ૧/૪૫ વાગ્યા દરમ્યાન સીટીએમ એક્ષ્પ્રેસ હાઇવેથી વન્ડર પોઇન્ટ ચાર રસ્તા વચ્ચે રિક્ષામાં બેઠેલ અજાણી વ્યક્તિએ સંગીતાબહેનની નજર ચુકવી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સંગીતાબહેન પટેલે **રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી** એચ.બી.બાલીયા **ચલાવે છે.**

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૪૩/૧૭**

**વટવા**: ઐશ્વર્યા ડો/ઓફ મુરલીધરન નાયર (ઉ.વ.૨૨) (રહે. ઓમ શાંતિનગર વિભાગ-૨ કેનાલ રોડ નારોલ વટવા) અગમ્ય કારણસર તા.૮/૧૦/૧૭ સવારના ૧૦/૦૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.